પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 26-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : Thursday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****

1) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું , બંધારણ ભારતનો આત્મા છે, જે દરેક યુગમાં ઉપયોગી છે.
2) રાજ્ય સહિત દેશભરમાં આજે બંધારણ દિવસની ગૌરવભેર ઉજવણી.
3) રાજ્યના 10 વરિષ્ઠ IPS અધિકારી આજથી 20 સરહદી ગામોની મુલાકાતે.
4) સરકારી યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસની સંપૂર્ણ પ્રક્રિયા હવે ઓનલાઈન થશે.
5) સુરત પોલીસે 140 કિલો માદક પદાર્થ સાથે બે શખ્સને ઝડપ્યા.
6) ક્રિકેટમાં, મેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટ માં આજે ભારત- A અને શ્રીલંકા-A વચ્ચે સેમિ-ફાઇનલ.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

JP NADDA GUJARAT

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું કે બંધારણ ભારતનો આત્મા જે દરેક યુગમાં ઉપયોગી છે. અમદાવાદમાં બંધારણ ગૌરવ દિવસ નિમિત્તે આયોજિત પ્રબુદ્ધ નાગરિક સંમેલનને સંબોધિત કરતા તેમણે આ વાત કહી. તેમણે જણાવ્યું કે બંધારણને માનનાર લોકોને મજબૂત બનાવવા એ આપણી જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે બંધારણની રચનામાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા, ભાઈચારો એમ ચાર સ્તંભ ધ્યાનમાં રાખવામાં આવ્યા.

(BYTE: JP NADDA, UNION MINISTER)

डॉक्टर अंबेडकर ने इसके चार स्तंभ रखे थे। एक स्तंभ था जस्टिस, न्याय मिले सबको। दूसरा था आजादी मिले सबको, लिबर्टी। और तीसरा था बराबरी का वातावरण इस देश में पैदा हो। और चौथा था फ्रेटरनिटी, यानी भाईचारा स्थापित रहे।

તેમણે જણાવ્યું કે સમાન નાગરિક સંહિતા UCCનો પાયો ડૉ. આંબેડકરે નાખ્યો.

(BYTE: JP NADDA, UNION MINISTER)UCC

डॉक्टर भीमराव अंबेडकर ने 1949 और 1950 में ही कह दिया था, "इस देश में यूनिफॉर्म सिविल कोड होना चाहिए।" इसकी नींव भारत रत्न डॉक्टर भीमराव अंबेडकर जी ने रखा था।

શ્રી નડ્ડાએ ઉમેર્યું કે 50 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવાનું કામ કેન્દ્રની મોદી સરકારે કર્યું. દરમિયાન તેમણે કોંગ્રેસ પર પણ શાબ્દિક પ્રહાર કર્યા. અગાઉ , શ્રી નડ્ડાએ બપોરે સારંગપુર ખાતે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , રાજ્યકક્ષાના મંત્રી દર્શના વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

CONSTITUTION DAY

વર્ષ 1949માં આજના દિવસે બંધારણ સભા દ્વારા ભારતના બંધારણને અપનાવવાની યાદમાં આજે બંધારણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. 2015થી , બંધારણ દિવસ બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતો અને મૂલ્યો પર ચિંતન કરવા અને તેના આદર્શો પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતાને નવીકરણ કરવાના પ્રસંગ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી બંધારણીય જાગૃતિને મજબૂત કરવા , જવાબદાર નાગરિકત્વને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રના લોકશાહી મૂલ્યોને જાળવી રાખવામાં સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરે છે.

STATE BANDHARAN DIVAS

77મા બંધારણ દિવસ નિમિત્તે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા સ્થિત ભારતના બંધારણના ઘડવૈયા , ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી.

ગુજરાત વિધાનસભા ખાતે આજે 77મા બંધારણ દિવસ નિમિત્તે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણનું પૂજન અને આમુખનું વાંચન કરવામાં આવ્યું. બંધારણ દિવસ નિમિત્તે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે અમદાવાદના સરદારનગર ખાતે 'ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઇબ્રેરી'નું લોકાર્પણ અને પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

બીજી તરફ રાજ્યકક્ષા મંત્રી ત્રિકમ છાંગાએ બંધારણ દિવસ ઉજવણી અંતર્ગત નર્મદા જિલ્લાના રાજપીપલાની કોલેજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

મહેસાણામાં બંધારણ દિવસ નિમિત્તે બંધારણના મૂલ્યો અને લોકશાહી અંગે સેમિનાર યોજાયો. તો ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન અને બંધારણ અંગેની વિશેષ દસ્તાવેજી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું.

RAJYAPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગરના કલોલ તાલુકાના ગોલથરા ગામની મુલાકાત લીધી. જ્યાં તેમણે 'આઝાદ મૉડલ પ્રાકૃતિક ફાર્મ'ની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું. શ્રી દેવવ્રતે પ્રગતિશીલ ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત લઈ પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું અને ગૌ-આધારિત પ્રાકૃતિક કૃષિના મહત્વ પર ભાર મુકયો. તેમણે પ્રાકૃતિક કૃષિથી નિર્મિત પ્રોડક્ટના સ્ટોલની પણ મુલાકાત લીધી. શ્રી દેવવ્રત ગ્રામજનો સાથે સ્વચ્છતા અભિયાનમાં પણ જોડાયા.

આ ઉપરાંત ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના નારદીપુર ખાતે રાજ્યપાલની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો.

CM GIFT CITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ સમિટ 2027ની પૂર્વ તૈયારીઓના સંદર્ભમાં ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીની મુલાકાત લીધી. તેમણે વિવિધ ઇવેન્ટસના આયોજન સ્થળોની મુલાકાત અને કામગીરી સમીક્ષા કરી હતી. આ સમીક્ષામાં વાયબ્રન્ટ સમિટ 2027ની તૈયારીઓ ઉપરાંત 2030 માટે ગિફ્ટ સિટીના વિકાસ રોડમેપ, નાણાકીય અને વ્યવસાયિક મળખાના વિસ્તરણ , ભૌતિક અને સામાજિક માળખાગત સુવિધાઓના વિકાસ અંગે પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરાયું.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

IPS VISIT

રાજ્યની સરહદી સુરક્ષાની સમીક્ષા માટે 10 વરિષ્ઠ IPS અધિકારી આજથી 20 જેટલા સરહદી ગામોની મુલાકાતે છે. આ દરમિયાન તેઓ ભારત-પાકિસ્તાન સરહદના છેવાડાના ગામોમાં સુરક્ષા વ્યવસ્થાની પાયાના સ્તરે સમીક્ષા કરશે. અધિકારીઓ કચ્છ, વાવ-થરાદ અને પાટણના આ ગામોમાં બોર્ડર પેટ્રોલિંગ અને સુરક્ષા માળખાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરશે. આ ઉપરાંત દુર્ગમ વિસ્તારોમાં તૈનાત પોલીસ જવાનો અને ગ્રામજનો સાથે સંવાદ કરી રાત્રિ સમીક્ષા બેઠકો યોજશે , જેના તારણો આગામી સમયમાં સરહદી વિસ્તારના વિકાસ અને સુરક્ષા આયોજનમાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી.

(BYTE - HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER)

ભારત-પાકિસ્તાનની બોર્ડર પર જે ગામડાઓ છે , ત્યાં છેલ્લા અનેક સમયથી દર ક્વાર્ટરલી સિનિયર આઈપીએસ (IPS) ના રાઉન્ડ રાખવામાં આવે છે , જેથી ગામના લોકોને મળવાનું થાય , ગામની અંદર ડેમોગ્રાફિક ચેન્જીસ પર ખાસ કરીને ધ્યાન આપવામાં આવે , સાથે-સાથે કોઈ પણ અસામાજિક તત્વો હોય અને સાથે આપણે ડ્રગ્સને રોકવા માટેની આ એક બહુ મહત્વની મુહિમ છે. ત્યાં કોઈ પણ સામાજિક પ્રશ્ન હોય તો સાથે સમાજોને બેસાડીને તેનો નિકાલ કઈ રીતે લાવવો તે માટે પણ ખાસ પ્રયત્ન કરવામાં આવે છે.

SURVEY WEB PORTAL

સરકારી યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસની સંપૂર્ણ પ્રક્રિયા હવે ઓનલાઈન થશે. આ માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 'Transforming Survey Ecosystem Web Portal' વિકસાવાયું છે. આ કામગીરી માટે સચિવાલયના તમામ વિભાગોના સંયુક્ત સચિવ તથા નાયબ સચિવોને યુઝર આઈડી અને પાસવર્ડ અપાયા છે. જેઓ પોતાના વિભાગની યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટે જરૂરી પરિપત્રો અને ચેકલિસ્ટ સાથે ઓનલાઇન દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગને મોકલી શકશે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા દરખાસ્તની યોગ્યતા ચકાસ્યા બાદ તેને નિયામકશ્રી , મૂલ્યાંકન કાર્યાલયને ઓનલાઇન તબદીલ કરવામાં આવશે. ત્યારબાદ મૂલ્યાંકન કચેરી દ્વારા સ્ટડી ડિઝાઇન , મેથોડોલોજી તેમજ મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવાની કામગીરી ઓનલાઇન હાથ ધરાશે.

SURAT GAANJO

સુરત પોલીસે 70 લાખ રૂપિયાનો 140 કિલો માદક પદાર્થ ઝડપ્યો છે. પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે , પાંડેસરામાં એક મકાનમાંથી પોલીસે આ જથ્થો જપ્ત કર્યો. મુખ્ય આરોપીની ફ્લેટમાંથી જ ધરપકડ કરવામાં આવી હતી. તે મૂળ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાનો રહેવાસી છે. તપાસ દરમિયાન પોલીસે બીજા આરોપીને પણ ઝડપી લીધો હતો. DCP રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે બાકીના ફરાર આરોપીઓને પકડવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

SURENDRANAGAR - MADAK PADARTH

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સેજકપર ગામની સીમમાંથી એક યુવક માદક પદાર્થ સાથે ઝડપાયો છે. SOGની ટીમે એક બાતમીને આધારે ધમરાળા ગામના વ્યક્તિને સેજકપર ગામે આવેલ તેના ખેતરેથી 5 કિલોથી વધુ માદક પદાર્થ સાથે ઝડપી પડ્યો છે. જેની અંદાજિત કિંમત 2 લાખ 69 હજારથી વધુ છે.

WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું કે આ દરમિયાન ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશામાં પવનો ફૂંકાશે. હાલ અરબી સમુદ્રમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય હોવાનું પણ તેમણે જણાવ્યું.

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે.

લોકો ટૉલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે. તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઑપન ફૉરમ દ્વારા ઑનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે.

ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકશે.

આ સૂચનો મોકલવાનો આવતીકાલ અંતિમ દિવસ છે.

IFFI 2026

ગોવામાં ચાલી રહેલા 57મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ- IFFI માં સાતમા દિવસે સિનેમાના મહાન વ્યક્તિઓની શ્રદ્ધાંજલિ આપવાની સાથે માસ્ટરક્લાસ અને વિશેષ ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવી રહ્યું છે. અમારા સંવાદદાતાના અહેવાલ અનુસાર આ મહોત્સવમાં પીઢ અભિનેતા નાના પાટેકરને તેમની પ્રશંસનીય ફિલ્મ "દીક્ષા" નું પ્રદર્શન કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દરમિયાન સિનેમામાં મહિલાઓના વધતા યોગદાન પર પણ પ્રકાશ પાડવામાં આવી રહ્યો છે.

HYROX GUJARAT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય ફિટનેસ સ્પર્ધા હાયરોક્સ ગુજરાતનું ઉદ્ઘાટન કર્યું. આ સ્પર્ધામાં ત્રણ દિવસ દરમિયાન અંદાજે 6 હજાર એથ્લેટ્સ ભાગ લઈ રહ્યા છે.

REV. CRICKET-ASIA CUP

ક્રિકેટમાં, દોહામાં મેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટના પહેલા સેમિ-ફાઇનલમાં, આજે ભારત-A અને શ્રીલંકા-A વચ્ચે મેચ રમાઈ રહી છે. ભારતે શ્રીલંકાને જીતવા 318 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતની ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 8 વિકેટ ગુમાવી 317 રન બનાવ્યા હતા. ભારત તરફથી કેપ્ટન તિલક વર્મા , અભિષેક શર્મા અને શાહબાઝ અહમદે અડધી સદી નોંધાવી હતી.

અગાઉ ભારતીય કેપ્ટન તિલક વર્માએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.